## પ્રકરણ : ૯
## પંડિતયુગની કવિતા

### પંડિતયુગની કવિતાની ભૂમિકા:

૧૯ મી સદીના ભારતમાં ધાર્મિક તથા સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓ પરસ્પર સંકલિત જણાય છે. એક ક્ષેત્રે થયેલાં પરિવર્તનોનો પ્રભાવ બીજા ક્ષેત્રે ઝીલેલો છે. બ્રહ્મોસમાજ :ગુજરાતમાં પ્રાર્થના સમાજ:, સ્વામી દયાનંદનો આર્યસમાજ, થિયોસોફિકલ સોસાયટી, રામકૃષ્ણ પરમહંસ તથા સ્વામી વિવેકાનંદ હિંદુ ધર્મનું પુનર્વિધાન કરવા માટે વિવિધ રીતે મથતા હતા. ધાર્મિક ક્ષેત્રે થઇ રહેલા નવવિધાનનો પ્રભાવ નર્મદ તેમ પંડિતયુગમાં સમાજ સુધારાના અને સાહિત્યના ક્ષેત્રેપડયો છે. ગોવર્ધનરામ અને ન્હાનાલાલનાં સર્જનોમાં પ્રાચીન આર્યાવર્ત વિશેનું સાફ સમજદારીપૂર્વકનું જે ગૌરવ જોવા મળે છે તેનાં મૂળ ધાર્મિક નવોત્થાનની પ્રવૃત્તિમાં રહેલાં છે. જો કે, એમ કહેવું જોઇએ કે ગોવર્ધનરામ અને ન્હાનાલાલનું વલણ પૂર્વની તેમ પશ્ચિમની સંસ્કૃતિઓના ઉત્તમ સત્ત્વને ગ્રહણ કરવા માગતા સમન્વયવાદીઓનું હતું.

ધર્મ, સમાજ તેમ રાજકારણના ક્ષેત્રે નવજાગૃતિની ચમક દેખાય છે. પંડિત-યુગમાં દેખાતી રાજકીય જાગૃતિના જનક બનાવાનો યશ ૧૮૮૫માં સ્થપાયેલી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસને આપી શકાય. કોંગ્રેસે જન્માવેલી રાજકીય જાગૃતિનું પ્રગટ ચિહ્ન હ. હ. ધ્રુવની કવિતામાં દેખાય છે. આ સિવાય, યુનિવર્સિટી શિક્ષણનો પ્રસાર પ્રમાણમાં વધવાને પરિણામે વૈચારિક ક્ષેત્રે નવાં સંચલનો શક્ય બન્યાં હતાં. પશ્ચિમ તરફની નર્મદયુગની અહોભાવપ્રધાન મુગ્ધ

દૃષ્ટિને સ્થાને પશ્ચિમના સંપર્કની સારીમાઠી અસરોની તુલના કરવાની વૃત્તિ જાગી હતી. અંગ્રેજી તથા સંસ્કૃત સાથેનો પંડિતયુગના સર્જકોનો સંપર્ક ઘનિષ્ઠ બન્યો હતો. સંસ્કૃતના અભ્યાસ દ્વારા પૂર્વનો ભૂતકાલીન વૈભવ અને વારસો શિક્ષિતો સમક્ષ સાકાર થયો. પ્રજાના આત્મવિશ્વાસને દૃઢાવવામાં એણે કિંમતી ફાળો આપ્યો છે.

એક આંતરરાષ્ટ્રીય ઘટના એશિયાઇ ગૌરવની લાગણી જગાડવામાં નિમિત્તભૂત બની હતી. વીસમી સદીના પ્રારંભમાં લડાયેલા યુધ્ધમાં જાપાને રશિયાને હાર આપી, તે બનાવ એક એશિયાઇ રાષ્ટ્રની શક્તિના પ્રતીક શો બની રહયો હતો.

ભારતીય રાજકારણના ક્ષેત્રે નરમ અને ગરમ એવા બે પક્ષોના ભેદો સ્પષ્ટ થવા લાગ્યા હતા. દેશના એક પ્રતિનિધિ રાજકીય પક્ષ કોંગ્રેસનું વલણ એકંદરે મવાળવાદ તરફ ઢળતું હતું. નરમ ગણાતા કોંગ્રેસ પક્ષે દેશને ચેતનવંતો બનાવવામાં, વિશેષે શિક્ષિત નાગરિકોનાં હૃદયોને આંદોલિત કરવામાં, મહત્ત્વનો હિસ્સો આપ્યો છે. ગુજરાત ખાતેની રાજકીય જાગૃતિના એક પ્રતિનિધિ અંબાલાલ દેસાઇ મવાળવાદી વિચારસરણિના મોટા પુરસ્કર્તા હતા. આચાર્યશ્રી આનંદશંકર, પ્રો. ઠાકોર ઇ. સાહિત્યકારો પણ એ જ વિચારણામાં શ્રધ્ધા ધરાવતા હતા.

દેશમાં ભારે વિક્ષોભ જગાડનાર બંગભંગની લડત ૧૯૦૫માં શરૂ થઇ હતી. બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ તથા સ્વરાજ્યના ચતુર્વિધ મુદ્દાઓ ઉપર લડાતી એ લડતનો દેશવ્યાપી પ્રભાવ દર્શાવતું એક ઉદાહરણ શ્રી. વિજયરાયે નોંધ્યું છે. રાજકીય જાગૃતિની દૃષ્ટિએ પછાત એવા કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં પણ જૂવાનો "આજકાલ ગોરાનો ભગ છે બંગમાં" તથા-

"બાબુના બાળ ખુદીરામ બોઝને દીધી ગોરાએ ફાંસી,
એથી જગતમાં આપણી, રે રે! થાય છે ઝાઝી હાંસી."

-એવાં રાજકીય જોડકણાં ગાતાં થઇ ગયા હતા.[1] આ વાત સાચી છે. પરંતુ આ પ્રબળ રાષ્ટ્રીય લડતે ગુજરાતી કવિતા ઉપર પ્રત્યક્ષ પ્રભાવ પાડયો હોય એવું ઓછું જોવામાં આવ્યું છે. જે રીતે ગાંધીજીએ ચલાવેલી રાષ્ટ્રીય લડતનો

ગુજરાતી કવિતામાં અપરોક્ષ પડઘો પડયો છે તે રીતે બંગભંગનો કે એને લીધે શરૂ થયેલી સ્વદેશીની ચળવળનો ગુજરાતી કવિતામાં-મવાળ માનસના પંડિતયુગના કવિઓની કવિતામાં નહિવત્ પડઘો પડયો છે. ગાંધીજી ગુજરાતના હતા અને શરૂઆતમાં ગુજરાતમાં રહીને દેશને સ્પંદિત કરતાં આંદોલનો ચલાવતાં હતાં, એ કારણે ગુજરાતી કવિતા ઉપર એની પ્રગાઢ અસર પડે તે સમજી શકાય એવું છે. ગાંધીજીની લડત, ભલે ભારે બલિદાનો ભ માગતી હોય, ગુજરાતની અહિંસક પ્રકૃતિને જચે એવી હતી.

ભારતના મવાળમતવાદી નેતાઓની વિચારસરણિની ઊંડી અસર પંડિતયુગના કવિઓ ઉપર જણાય છે. જ્યારે ભારતના ઉદ્દામવાદી રાષ્ટ્ર-નેતાઓની વિચારસરણિની અપીલ પંડિતયુગના શિષ્ટ કવિઓએ અનુભવી હોય એવું જણાતું નથી. ઉદ્દામ રાષ્ટ્રવાદનો પડઘો પંડિતયુગની કવિતામાં નહિવત્ પડયો છે. બંગભંગની લડતનું સ્પંદન પંડિતયુગના કવિઓએ ઉત્કટરીતે અનુભવ્યું હોય એમ જણાતું નથી. ગુજરાતના વ્યવહારદક્ષ શાણા ઠરેલ ઠાવકા માનસની આને મર્યાદા ગણીશું? કે ગુજરાતની ભૂમિ ઉપર આવાં બીજ અંકુરિત પુષ્પિત થઇ શકે એમ નથી એવી ગુજરાતની આને એક લાક્ષણિક તાસીર ગણીશું? એમ તો કચ્છમાંથી શ્યામજીકૃષ્ણ વર્મા અને સૌરાષ્ટ્રમાંથી સરદારસિંહ રાણા જેવા ભારતીય ક્રાન્તિકારીઓ પાકયા હતા. પરંતુ એને અપવાદો ગણીને ચાલી શકાય. અહીં એ પણ નોંધવું જોઇએ કે મવાળમાનસ-વાદી વિચારક દી.બ.અંબાલાલભાઇએ પોતાનાં ભાષણો અને લેખોમાં સ્વદેશી અને બૉયકોટની ખૂબ હિમાયત કરી છે. ઉદ્દામવાદીઓની આર્થિક નીતિને આ રીતે પુરસ્કારનારા અંબાલાલભાઇ ઉદ્દામવાદીઓની, વિશેષે ટિળકની રાજકીય નીતિરીતિના ભારે વિરોધી રહયા હતા. પ્રથમ વિશ્વયુધ્ધના અંત સુધી બ્રિટિશ શાસનની શુભનિષ્ઠામાં શ્રધ્ધા ધરાવનાર પંડિતયુગના કવિઓ ઉદ્દામવાદીઓની રાજકીય વિચારસરણિનું આકર્ષણ અનુભવે એ અશક્ય-વત્ ગણાય. આમ છતાં, બંગભંગ જેવો રાષ્ટ્રસંક્ષોભક પ્રસંગ ગુજરાતી કવિતામાં કશી અસર જન્માવ્યા વિના ચાલ્યો જાય તે પણ અસંભવિત ગણી શકાય. બંગભંગના વાતાવરણના પ્રભાવ નીચે "ઇન્દુકાર"-૧ લખાયું હતું, એમ શ્રી. વિજયરાયે નોંધ્યું છે. લલિત તથા ચન્દ્રશંકરની કવિતામાં એ પ્રભાવના છુટા

છવાયા પડધા સંભળાય છે.

લૉર્ડ કર્ઝનના "દમનકારી અને પ્રગતિવિરોધી" રાજ્યઅમલે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય અસ્મિતાની ભાવનાને પ્રબળ બનાવી હતી એ હકીકત છે. એ રીતે, ગુજરાતી કવિઓની સ્વદેશભાવનાને પરિપુષ્ટ કરવામાં બંગભંગની લડતે પરોક્ષરીતે ફાળો આપ્યો છે એમ કહી શકાય.

દેશના બંગાળ, પંજાબ વ. પ્રાંતોમા વિપ્લવવાદીઓની હિંસક પ્રવૃત્તિઓ થતી હતી. એવી પ્રવૃત્તિ ગુજરાતમાં લગભગ થઇ જ નહોતી. એના અપવાદરૂપ ગણી શકાય એવો એક પ્રસંગ અમદાવાદમાં બન્યો હતો. ૧૯૦૯માં હિન્દના વાઇસરોય લૉર્ડ મિન્ટો લેડી મિન્ટો સાથે અમદાવાદની મુલાકાતે આવ્યા હતા ત્યારે એમની ગાડી ઉપર ઓફનેજ સ્કૂલ પાસે બૉમ્બ ફેંકવાનો એક નિષ્ફળ પ્રયાસ થયો હતો.

ભારતને ભોગવવી પડતી પરાધીનતા વિશે તથા બ્રિટિશ સામ્રાજ્યવાદ અંગે લોકજાગૃતિ આણવાના કાર્યમાં મહારાજા સયાજીરાવના વડોદરા રાજ્યનો તેથા ગુજરાતી પત્રકારત્વનો શો હિસ્સો હતો એનો અહીં ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે. ગુજરાતની રાજકીય પરિસ્થિતિના એક પાસાનો ચિતાર આપવામાં એ ઉલ્લેખ મદદરૂપ થશે. ખુદ મહારાજા સયાજીરાવ, શાહી-વાદી માનસના આપખુદ વાઇસરોય લૉર્ડ કર્ઝનના અમલ દરમીઆન બ્રિટિશ સલ્તનત સામે વીરતાપૂર્વક ઝઝૂમેલા હતા. એમના સ્વતંત્ર વ્યવહારનું તેજ ભારતની અંગ્રેજ સરકારથી સહન ન થતાં એમની સામે છેક લંડન સુધી સેક્રેટરી ઑફ સ્ટેઇટ ફોર ઇન્ડિયા સમક્ષ એક કડક આરોપનામુ ખાનગી રાહે મોકલી આપવામાં આવ્યું હતું. એમાં "રાષ્ટ્રધર્મના આદષ્ટા" શ્રી અરવિંદની વડોદરા રાજ્યમાં થયેલી નિમણૂક વિશે આ રીતે ટીકા કરવામાં આવી હતી: "There can be no question but that his (Arbindo's) employment in the State gave a great impetus to the anti-British movement." 2

એક દેશી રાજ્યમાં બ્રિટિશ શાસન સામે પ્રગટ વા પ્રચ્છન્ન રીતે જે લડત ચાલતી હતી તે વિશે નોંધ કર્યા બાદ, ગુજરાતી પત્રકારત્વે પરદેશી શાસનનો

જે દૃઢતા તથા નિર્ભયતાપૂર્વક પ્રતીકાર કર્યો છે તે વિશે, એમાંય એક વખતના "અસાધારણ સાંસ્કારિક બલ"રૂપ "ગુજરાતી" પત્રનો વિશેષરૂપે ઉલ્લેખ કરીએ. ગુજરાતના એક તેજસ્વી સપૂત ઇચ્છારામ દેસાઇના તંત્રીપદે ચાલતા "ગુજરાતી"ના ૨૩મી સપ્ટે.૧૯૦૬ના અંકમાં અંગ્રેજ સલ્તનત તથા એનું ભારતમાંનું ભાવિ, સ્વરાજ્ય, રાષ્ટ્રની એકીભૂત તાકાત વ. વિશે અનન્ય સ્પષ્ટતાપૂર્વક આર્ષ દ્રષ્ટિવાળાં માર્મિક વિધાનો થયેલાં છે: "It is an indisputable fact that no nation can ensure its well-being without self-Government...when the feeling ofthe Indian nation is aroused against the British raj,Englishmen will have no recourse but to leave the country without a momemt's delay and entrust the government to the custody of the people. The cannons and guns and swords of the British army will be of no avail before the opposition of United India"[3]

પત્રકારત્વના ક્ષેત્રે અંગ્રેજરાજ સામે આવો મક્કમ સ્પષ્ટ ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો હતો. એની પડછે એ ગાળાના આપણા કવિઓનું ઉદારમતવાદી બ્રિટિશપરસ્ત મનોવલણ પ્રમાણમાં ફિક્કું લાગે છે. એક કરતાં બીજું ચડિયાતું છે કે ઊતરતું છે, એવી સરખામણી કરવાનો કોઇ ઉદ્દેશ વિના એક હકીકતનું કથન માત્ર કરવું હોય તો એમ કહી શકાય કે એક દેશી રજવાડાના મહારાજવી તથા એક દ્રષ્ટિવંત પત્રકાર બ્રિટિશરાજનું ઉપરથી ઉજળું પણ વાસ્તવિકતાએ ભારતશોષક સ્વરૂપ પિછાનીને એની સામે જે મક્કમ મનોવલણ દાખવી રહ્યા હતા તે પ્રકારનું વલણ એ જ ગાળાના ગુજરાતી કવિઓનું દેખાતું નથી. આગળ નોંધ્યું છે એમ, પ્રથમ વિશ્વયુધ્ધના અંત સુધી ગુજરાતી કવિઓનું વલણ સામ્રાજ્યભક્તિનું રહ્યું છે.

::૨::

<u>બેહેરામજી મેરવાનજી મલબારી:</u>

મલબારીના કવનકાળના પ્રારંભમાં :૧૮૭૫: ગુજરાતી સાહિત્યની હિંદુ સ્કૂલ તથા પારસી સ્કૂલ વચ્ચે જબરો ગજગ્રાહ ચાલતો હતો. એ સમયે પારસી કવિ તરીકે નહિ, પણ એક રાષ્ટ્રીય દ્રષ્ટિ ધરાવતા ગુજરાતી કવિ તરીકેનું મલબારીનું આગમન એ ભેદભાવો મીટાવનારા એક મહત્વના

તરીકે ધ્યાન ખેંચે છે. એ રીતે મલબારી કવિ ખબરદારના પણ એક શક્તિ-શાળી પુરોગામી બની રહે છે. મલબારીની કવિતામાં નર્મદયુગ તથા પંડિતયુગની કવિતાનું અનુસંધાન વરતાય છે. "સંસારિકા":૧૮૯૮: માં સંસાર-સુધારાકાળની કવિતામાંથી પંડિતયુગની કવિતા પ્રત્યે :કાવ્યશૈલીની દૃષ્ટિએ: મલબારીનું થતું સંક્રમણ જોઇ શકાય છે.

દલપતશૈલીમાં રચાયેલા "નીતિવિનોદ":૧૮૭૫:માં વાચકોને વિલાયતનાં મહત્વનાં કારણ" કવિએ સમજાવ્યાં છે. ઔદ્યોગિક ક્રાન્તિ, જ્ઞાનની સીમાઓનો વિસ્તાર તથા વિદ્વાનો, વૈજ્ઞાનિકો,વીરપુરુષો વ.ને કારણે ઈંગ્લાંડનો ઉત્કર્ષ થયો છે. એવો જ ઉત્કર્ષ કવિ હિન્દ અર્થે વાંછે છે:

"પ્રસંગ મને પ્રભુ ! એક બતાવ,
સ્વદેશ વિલાયતશું સરખાવ.
દીપાવ કળાથકી હિંદ તમામ,
મુખે ગુણગાન પઢું બહિરામ."

"અંધારે શું નાખો હિંદુસ્તાનને! લેજો ભગવત! ભરતખંડની દાદ જો!" એ કવિની ઇશ્વર પ્રત્યેની પ્રાર્થના છે.

"સંસારિકા"માં મલબારીની દેશભક્તિની કેટલીક સારી કૃતિઓ સંગ્રહાયેલી છે. એ સંગ્રહનું એક પ્રસિધ્ધ કાવ્ય છે "ઇતિહાસની આરસી."+ એમાં કાળબળનો મહિમા ગવાયો છે. કાળની ચાળણીમાંથી તો મોટા હાથી ના હાથી ચળાઇ જાય એવી તો એની શક્તિ! એ શક્તિ આગળ ચક્રવર્તી સમ્રાટની સતાની કશી વિસાત નથી:

"રાજા રાણા!અકકડ શેના?વિસાત શી તમ રાજ્ય તણી?
...સત્તા સૂકા ઘાસ બરાબર,બળી આસપાસ બાળે.
ચક્રવર્તી મહારાજ ચાલિયા,કાળચક્રની ફેરીએ,
સગાં દીઠાં મેં શાહઆલમનાં ભીખ માગતાં શેરીએ."

---

+ "બાળગરબાવળી" :૧૮૭૭: માં એ જ શીર્ષકવાળું નવલરામ પંડયા રચિત કાવ્ય મળે છે. ભાવની દૃષ્ટિએ બન્ને કૃતિઓ વચ્ચે કેટલુંક સામ્ય છે.

 quotationability

આમાંની છેલ્લી પંક્તિ તો એના અવતરણક્ષમતાના ગુણને કારણે ગુજરાતીમાં એક કહેતીરૂપ બની ગયેલ છે.. રાજસત્તા માટેની એક પ્રકારની ધાક પૂર્વેના ભારતીય માનસમાં જણાય છે, ધાક ન અનુભવતું હોય ત્યારે પણ એ માનસ રાજસત્તાથી કંઇક અંજાયેલું રહેતું લાગે છે. રાજસત્તા માટેની એ ધાક કે અહો-ભાવમાંથી છૂટીને રાજસત્તાના તોર સામે, પરંપરાગત માનસથી છૂટા પડીને કવિએ "ઇતિહાસની આરસી"માં જાણે કે માથું ઊંચક્યું છે. બ્રિટિશરાજ્યસત્તાના દોરદમામ પ્રત્યે પ્રસ્તુત કાવ્યમાં ગર્ભિત ચેતવણી રહેલી હોય તો આશ્ચર્ય નહિ. પંડિતયુગના કવિઓની સરખામણીમાં રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણની દૃષ્ટિએ મલબારીનું [માનસ અંકે ઉદ્દામ જણાય છે. મલબારીની કેટલીક કૃતિઓ] ઉપર રાજદ્રોહની ઉશ્કેરણી કરવાનો આરોપ પણ મૂકાયો હતો. મલબારીની બળબળતા હૃદયની દેશભક્તિની કવિતામાં રાજદ્રોહ માટે કોઇ ઉશ્કેરણી કરવામાં નહોતી આવી, એવું તો મલબારીના જમાનામાં જ એ આરોપ વિશે સ્પષ્ટ થઇ ચૂક્યું હતું. ખબરદારે "મલબારીના કાવ્યરત્નો" :૧૯૧૭: ના પ્રવેશકમાં જણાવ્યું છે એમ,"ધ ઇન્ડિયન સ્પેક્ટેટર" ના તંત્રી તથા એક તેજસ્વી દેશભક્ત હિન્દી તરીકે પ્રસિધ્ધ થયેલા મલબારી એમના જમાનામાં રાજા તથા પ્રજા વચ્ચે એક મધ્યસ્થીનું સ્થાન ભોગવતા હતા.

"સંસારિકા"નાં બે કાવ્યો_"આપ મરે બિન સ્વર્ગ ન જાય" તથા "ગુજરાતનું ભાવિ ગૌરવ" ઉપર રાજ્યદ્રોહનો આરોપ મુંબઇ પ્રાંતના એ સમયના કેળવણી ખાતાના વડા મી.જાઇલ્સે મૂક્યો હતો. એમના મતે એ કાવ્યો "ગુલામીની ધૂંસરીને સંપ કરી ઉડાવી દેવા માટે લોકોને ઉશ્કેરવાના" હેતુસર લખાયાં હતાં. ખબરદારે સ્પષ્ટ કર્યું છે એમ, એ કાવ્યોમાં કર્તવ્યપરાયણતાન શુધ્ધ બોધ સિવાય બીજું કાંઇ નહોતું. એ બેમાંના પહેલા કાવ્યની કેટલીક પંક્તિઓ આ પ્રમાણે છે:

"ઊઠો,વીર! પ્હેલો એ ધર્મ,દેશોદયનાં કરવાં કર્મ,
કરો પ્રજા સ્વતંત્ર તમામ, હાથે હુન્નર,હૈડે હામ,
તોજ દેશદારિદ્ર ટળાય, આપ મરે બિન સ્વર્ગ ન જાય".

મલબારી આગળ લખે છે: "બની મરણિયા ભીડો બાથ, અંત સુધી બીજો શો સાથ?" "દેશોદયનાં [illegible] કરવાં કર્મ," એને કવિ પ્રજાકીય ધર્મમાં અગ્રતાપદ આપવા ઇચ્છે છે તે નોંધપાત્ર છે. દેશોદય કરવા માટે મરણિયા બનીને બાથ

ભીડવાનું દેશવાસીઓને આમંત્રણ આપવામાં રાજદ્રોહ જેવું કશું દેખાતું તો નથી. : "ગુજરાતનું ભાવિ ગૌરવ" કાવ્યનો ઉલ્લેખ–આ સંદર્ભમાં પ્ર. ૧૭માં થયેલો છે: રાજદ્રોહની ચર્ચા દેશપરદેશમાં બહુ ઊઠી હતી તે વેળા મલબારીએ નંદશંકર મહેતાના અભિપ્રાય અર્થે "સંસારિકા" મોકલી આપી હતી. પ્રજાકીય સ્વમાનના રણકારવાળી વાણીમાં નંદશંકરે આપેલો અભિપ્રાય આજે ય ખૂબ સાચો લાગે છે: "મી. મલબારીની રાજભક્તિ ઉન્નત છે, પેટ ઘસડતી નથી. એમાં રાજદ્રોહની છાયા સરખીયે નથી પડતી. લોકનો ઉત્કર્ષ એ જ રાજદ્રોહ હોય તો પછી તે આરોપમાંથી કોણ બચે એમ છે?" [૪] Elegy

કવિના ગુરુ ડૉ. વિલ્સનના મૃત્યુ પછી કવિએ લખેલા કરુણપ્રશસ્તિ-કાવ્ય "વિલ્સનવિરહ"માં વિલ્સનના મૃત્યુને કારણે ભારતમાતાને શોક કરતી દર્શાવી છે. ભારતના કેટલાક પ્રસિધ્ધ પુરુષોનાં મૃત્યુ વિશેનો શોક પ્રસ્તુત કાવ્યમાં વણી લેવામાં કવિની દેશપ્રીતિની લાગણી પ્રગટ થાય છે:

"રામમોહન પણ લીધો, હિમાલય હિમ્મત કેરો,
...કહે હે નિર્દય કાળ! ભાગિ ક્યાં મારો ઉદાસી?
...ક્યાં છે કૃષ્ણ+ હે કાળ! પ્રતાપી મારો પનોતો,
...દત્તક મારા જોન્સ, કાર્લ્સ ને વિલ્સન જેવા." [૫]

નર્મદ પછી દેશપ્રીતિનાં સુંદર કાવ્યો રચનાર મલબારીની રાષ્ટ્રપ્રીતિની કવિતા વિશે આચાર્યશ્રી આનંદશંકરે એક માર્મિક કથન કર્યું છે: "હિંદુસ્થાન અને ગુજરાત પ્રત્યે એમની ભક્તિ સાચા હૃદયની હોવાથી – આ કાવ્યો અપૂર્વ પ્રતિભાવાળાં નહિ, તો પણ હૃદયના ખરા ઉછાળાવાળાં તો નીકળ્યાં જ છે." [૬] આ કથનમાં મલબારીનાં કાવ્યોની વિશેષતા તથા મર્યાદા, ઉભય, એક સાથે જ સૂચિત થયેલાં છે.

<u>બાલાશંકર કંથારિયા</u>

બાલાશંકરે "શ્રી રીપન પંચદશી" તથા "વિજયાપ્રશસ્તિ" એ બે કાવ્યોમાં ૧૯મી સદીના કવિઓ માટે તો અત્યંત સામાન્ય એવી બ્રિટિશ–

---

\+ કરસનદાસ મૂળજી

રાજભક્તિનું નિરૂપણ કર્યું છે. :એ કાવ્યો માટે જુઓ "ક્લાન્તકવિ", ૧૯૪૩, સંપા. ઉમાશંકર જોશી:, એમાં નિરૂપણપધ્ધતિ પણ ૧૯મી સદીમાં લગભગ સર્વત્ર દેખાતી જ સ્વીકારી છે. ધર્મરાજ તથા રામરાજ સાથે રિપનના કે વિક્ટોરિયાના રાજ્યને સરખાવવું ને ક્યારેક તો ભૂતકાળનાં એ બન્ને રાજ્યો કરતાં પણ એને ચડિયાતું બતાવવું, ભારતના – અરે દુનિયા ભરના પ્રસિધ્ધ પુરૂષોને યાદ કરી કાવ્યના નાયક વા નાયિકાને એ બધાં કરતાં મહાન દર્શાવવાનો બધે જ દેખાતો ઉપક્રમ, અર્થાત્ જેના લગ્નમાં જઇએ એના ગીત ગાવાનો ઉપક્રમ બાલાશંકરે સ્વીકાર્યો છે. પંડિતયુગના એક અન્ય કવિ દોલતરામ પણ આવી જ પધ્ધતિને અનુસર્યા છે. ૧૯મી સદીની રાષ્ટ્રીય જાગૃતિની કવિતાનો અભ્યાસ કરનારને આ વલણ આંખને ઊડીને વળગે એવું જણાય છે. એટલે, "ક્લાન્ત કવિ"ના સંપાદક શ્રી. ઉમાશંકર જ્યારે "શ્રી રિપન પચદશી" કાવ્ય વિશે કહે છે, "પરદેશી રાજકર્તાઓને ઉદ્બોધાયેલાં ભીખમંગાં કાવ્યોમાં આ કાવ્ય કેવું તો જુદું તરી આવે છે!"[7] – ત્યારે એ ઘૂંટડો ગળે ઊતરતો નથી. ૧૯મી સદીનાં ઉમાશંકરે ચીંધેલાં કાવ્યોને જો "ભીખમંગાં" ગણીએ તો બાલાશંકરના કાવ્યને પણ એ કરતાં જુદી કોટિનું ગણવા માટે કોઇ કારણ નથી.

અહીં પહેલી વાત એ નોંધવી જોઇએ કે ૧૯મી સદીના "પરદેશી રાજ્યકર્તાઓને ઉદ્બોધાયેલાં" કાવ્યોને ભીખમંગાં કહેવાં એ જ વિવાદાસ્પદ મુદ્દો છે. ૧૯મી સદીમાં માત્ર ગુજરાતમાં જ નહિ, સમગ્ર ભારતવર્ષમાં અંગ્રેજોનો યોગ ભારત માટે કલ્યાણપ્રદ છે એમ માનનાર મોડરેટોની વિચારસરણિનું પ્રાબલ્ય હતું. ઉદ્દામ રાષ્ટ્રવાદનાં હજુ તો બીજ રોપાતાં હતાં એ બીજના પહેલા અંકુરો ૧૯મી સદીના છેલ્લા દસકામાં ભારતના રાજકારણમાં ફૂટતા હજુ તો દેખાય છે. મુંબઇના અંગ્રેજી–મરાઠી સામયિક "ઇન્દુપ્રકાશ"માં ઇ.સ. ૧૮૯૩ના ઓગસ્ટથી માર્ચ ૧૮૯૪ના અરસામાં પ્રગટ થયેલી, વડોદરામા રહીને શ્રી અરવિંદે લખેલી લેખમાળા "ન્યૂ લેમ્પ્સ ફોર ઓલ્ડ" ઉદ્દામ રાષ્ટ્રવાદનું આપણે ત્યાં કદાચ પહેલું યોજનાબધ્ધ આવિષ્કરણ છે. ૧૯મી સદીના છેલ્લા દસકામાં જ ટિળકની વિચારસરણિ વિશેષ પ્રભાવકરૂપે "કેસરી" તથા "મરાઠા"માં પ્રગટતી દેખાય છે. મુંબઇ ઇલાકામાં ૧૮૯૬માં પડેલા દુષ્કાળ સમયે ખેડૂતોમાં સરકાર સામેની લડાયક મક્કમતા અને નિર્ભયતા

પ્રગટાવવા તથા એ રીતે ઉદ્દામ વિચારસરણિને મૂર્તસ્વરૂપ આપવા મથતા ટિળક આપણને દેખાય છે. એ વિચારસરણિનું પૂરેપૂરું પ્રસ્ફોટન ૨૦મી સદીમાં બંગભંગસમયે થયું. વીસમી સદીના પહેલા બે દસકાઓમાં ઉદ્દામ રાષ્ટ્રવાદ ભારતમાં, ખાસ કરીને બંગાળ પંજાબ અને મહારાષ્ટ્રમાં પ્રબળ થયો ત્યારે પણ મવાળોનો પ્રભાવ ભારતના રાજકારણમાં સદંતર ઘટી ગયો નહોતો. હિન્દબ્રિટનશુભસંયોગપક્ષવાળા મવાળોનો પ્રભાવ ૧૯૧૮ પછી નહિવત્ બનતો દેખાય છે.

ભારતની રાજકીય વિચારસરણિના પ્રવાહો વિશે થોડી વિગતે સ્પષ્ટતા સકારણ કરી છે. ૨૦મી સદીના ઉદ્દામ રાષ્ટ્રવાદની તુલાએ કે ૧૯૨૦ પછીના ગાંધીજીના રંગે રંગાયેલા રાજકારણની તુલાએ ૧૯મી સદીની કવિતામાં દેખાતી રાજકીય દ્રષ્ટિને તોળવી અને પછી એને ભીખમંગી દ્રષ્ટિ કહેવી, એમાં જે તે કવિની દેશપ્રીતિને તેમજ શાસ્ત્રીય વિચારણામાં દેખાવા જોઇતા શુધ્ધ ઐતિહાસિક દ્રષ્ટિબિંદુને, ઉભયને, અન્યાય કરવા જેવું થાય છે. નર્મદમાં ગાંધીજીએ પ્રબોધેલી અહિંસાત્મક સત્યાગ્રહની ભાવના કેમ દેખાતી નથી? એવો પ્રશ્ન ઊભો કરીને ઉપર્યુક્ત લક્ષણના અભાવને નર્મદની દ્રષ્ટિમર્યાદા તરીકે ઘટાવવાના પ્રયાસ જેવો ઘાટ "ભીખમગાં"કાવ્યો" વિશેના સંપાદકના કથનનો થયેલો દેખાય છે.

અંગ્રેજ સરકારને કોંગ્રેસ દ્વારા કરાતી નમ્ર વિનવણીઓથી સ્વાતંત્ર્યપ્રાપ્તિની દિશામાં નાનું ડગલું પણ આગળ ભરી શકાય એમ નથી એવું ઉદ્દામવાદીઓને પ્રતીત થતાં પાછળથી કોંગ્રેસની એવી નીતિને "પ્રેયર્સ, પીટીશન્સ એન્ડ પ્રોટેસ્ટ્સ"ની "મેન્ડીકન્ટ પોલીસી" :ભીખમગી નીતિ: તરીકે એમણે ઓળખાવી હતી. પરંતુ જ્યાં સુધી ગુજરાતના કવિજનને એવું પ્રતીત ન થયું હોય ત્યાં સુધી કવિજન રાણી વિક્ટોરિયાની કે લોર્ડ રિપનની પ્રશસ્તિ, ભલે અત્યુક્તિભરી વાણીમાં, ગાઇને દેશજનોના સમૂહભાવને પ્રતિધ્વનિત કરવાનો પ્રયાસ કરે એને ભીખમંગી નીતિ તરીકે ભાગ્યે જ ઓળખાવી શકાય. લોકહૃદયમાંથી વિક્ટોરિયાપ્રશસ્તિનો કે અંગ્રેજોના અમલ માટેનો પ્રશંસાભાવ જેમ જેમ ઓસરતો ગયો તેમ તેમ કવિતામાં એનો પડઘો પડતો બંધ થયો છે.

શ્રી જે. એ. સંજાનાએ બાલાશંકરની દેશપ્રીતિની ઉત્કટતા અને વિરલતા દર્શાવવાના ઉમાશંકરના ઉત્સાહની માર્મિક ટીકા કરતી વેળાએ એમ કહ્યું છે કે ભૂતકાળની વિચારણાઓની કસોટી કરતી વેળાએ "અદ્યતન રાજપ્રકરણી મન્તવ્યોનું તદ્દન અપ્રસ્તુત અને અપ્રાસંગિક પ્રદર્શન" ન થવું જોઇએ." [૮]

ઉમાશંકરે "શ્રી રિપનપચદશી" વિશે કરેલું એક બીજું વિધાન પણ સ્વીકારાનુકૂલ બને એવું નથી: "હિંદની રાજકીય ક્ષિતિજ ઉપર સ્વરાજ-ભાવનાનો સ્થાનિક સ્વરાજરૂપે ઉદય થયો, તેને હોંસભેર વધાવવામાં આ કવિવૈતાલિકે પોતાની દુર્દમ્ય સ્વાતંત્ર્યપ્રીતિનું જ પ્રકટન કર્યું છે." : પ્રવેશક, પૃ. ૪૭: સ્થાનિક સ્વરાજરૂપે ઉદિત થતી સ્વરાજભાવનાને વધાવનાર "કવિ-વૈતાલિક" જો કોઇને કહેવા હોય તો એ પદના અધિકારી હ. હ. ધ્રુવ છે, સ્થાનિક સ્વરાજ વિશે એકલદોકલ કાવ્ય લખનાર બાલાશંકર એને માટે અધિકારી ન ગણાય. વળી, બાલાશંકરના રિપન તથા એણે બક્ષેલા સ્થાનિક સ્વરાજ માટેના ઉત્સાહને એમની "સ્વાતંત્ર્ય પ્રીતિ" ગણી લઇએ – જો કે સ્વાતંત્ર્યપ્રીતિ કરતાં રિપન તરફનો વૈયક્તિક પૂજ્યભાવ એમાં સવિશેષ કામ કરતો જણાય છે – તો પણ એને માટે "દુર્દમ્ય" વિશેષણ લગાડવું વધારે પડતું છે. "પાંચ કે પચાસ પાંચસે કે પુરા પાંચ" લાખ વર્ષો સુધી જ નહિ, પ્રલયકાળ પછી પણ રિપનની યશધજા સર્વને માથે ફરકશે એવી શ્રધ્ધા ધરાવનાર, "ભવાનીરૂપ" રાજ્યમાતા "વિજયાનો મુકુટમણિ ભારત ઉપર સદા પ્રકાશો" એવી પ્રાર્થના કરનાર તથા બ્રિટિશરાજ્ય "સૂર્ય પ્રકાશે ત્યાં સુધી, સમુદ્ર માઝા મૂકે ત્યાંસુધી", અરે! પ્રલયકાળ પછી પણ "અમર તપો!" એવી અતિશયોક્તિયુક્ત માગણીને એ સમયની પરિસ્થિતિને લક્ષમાં લેતાં સ્વાભાવિક હજુ ગણી શકાય, પણ એવી માગણી કરનાર કવિના ભાવને "દુર્દમ્ય સ્વાતંત્ર્ય પ્રીતિ" કહેવાની હિમ્મત ભાગ્યે જ કરી શકાય.

બીજી બાજુથી, બાલાશંકરનાં ઉપર્યુક્ત બન્ને કાવ્યોને "ભાંગ પીને કોઇ જબરો ભાટ ભાટાઇ કરે તેને પણ ટપીજાય એવી ભાટાઇથી ઠાંસોઠાંસ ભરેલી કૃતિઓ તરીકે સંજાના ઓળખાવે છે એ વદતોવ્યાઘાત જેવું એમનું વલણ પણ યથાર્થ નથી જણાતું. [૯] એક બાજુએ અંગ્રેજપ્રશસ્તિ કરતાં દલપતરામા-દિનાં કાવ્યોને અદ્યતન રાજપ્રકરણી મન્તવ્યોનું તદ્દન અપ્રસ્તુત અને અપ્રાસંગિક

પ્રદર્શન કરીને મૂલવવાની સંજ્ઞાના યથાર્થરીતે જ ના પાડે છે. અને બીજી બાજુએ, ૧૯મી સદીની ગુજરાતી કવિતા માટે અસામાન્ય નહિ પણ સહજ એવી વિકટોરિયા-રિપન વિશેની બાલના "મસ્તાન" મગજમાંથી નીકળતી અત્યુક્તિઓને બ્રિટિશ અમલની ભારોભાર ભાટાઇ તરીકે ઓળખાવવા સારુ, બાલના કાળની કવિતા માટે "અપ્રસ્તુત અને અપ્રાસંગિક" ગણી શકાય એવી રાજપ્રકરણી વિચારણા અંગીકારીને, સંજ્ઞાના અયોગ્ય રીતે જ ઉત્સાહતત્પર થઇ જાય છે. સંસારસુધારાકાળના તથા પંડિતયુગના કવિઓ વિદેશી શાસનની પ્રશંસા કરે છે ત્યારે એ એક વાસ્તવિકતાનો સ્વીકાર છે. આમ છતાં, અંગ્રેજો ગમે તેવા સારા હોય "પ્રદેશી" :પરદેશી:"ને! એવો અણગમો વ્યકત કરતા પણ એ સમયના કવિઓ થાકયા નથી. બીજી બાજુથી, અંગ્રેજો દ્વારા દેશમાં વ્યવસ્થા-શાંતિ-ન્યાય ટકવાનાં છે, વિદ્યાવિસ્તાર થવાનો છે, સ્થાનિક સ્વરાજ જેવી સંસ્થાઓનો વિકાસ થવાનો છે, એવી એમને શ્રધ્ધા-કહો કે પ્રતીતિ હતી. કંઇક આવી મનોસ્થિતિમાંથી જન્મેલી કવિતાને નથી દુર્દમ્ય સ્વાતંત્ર્યપ્રીતિયુકત કવિતા તરીકે ઓળખાવવાની જરૂર કે નથી ભારોભાર ભાટાઇવાળી કવિતા કહેવાની જરૂર. ઐતિહાસિક સંજોગોના પરિપાકરૂપ તથા તત્કાલીન સમૂહભાવના પ્રતિબિંબરૂપ ૧૯મી સદીની દેશ-પ્રેમની કવિતામાં બ્રિટિશરાજ્યઅમલપરસ્તી દેખાતી હોય અને સ્વાતંત્ર્ય માટેનો "દુર્દમ્ય" મનોભાવ જો ન દેખાતો હોય તો આપણે ત્યાં કવચિત્ ધારણ કરવામાં આવે છે એવો ક્ષમાયાચક દૃષ્ટિકોણ ધરાવવાની કોઇ આવશ્યકતા નથી. પ્રસિધ્ધ રાષ્ટ્રભકત ગોખલે પણ એ જમાનામાં માનતા હતા:" Only mad men outside lunatic asylums could think or talk of independence... There is no alternative to British rule, not only now, but for a long time to come..." 10. બ્રિટિશરાજ્યઅમલ સિવાય ભારત માટે ભવિષ્યમાં લાંબા સમય સુધી બીજો કોઇ વિકલ્પ નથી, એમ ગોખલે જેવા ઠરેલ બુધ્ધિના વિચારક કહે; ભારતમાં બ્રિટિશ રાજ-તાજ અમર તપવાનો છે, એમ બાલ જેવો વ્રજભાખારીતિની કવિતામાં રાચતો મસ્તાન મગજનો કવિ કહે. બન્નેની અભિવ્યકિત જુદી છે, પરંતુ બન્નેનું તાત્પર્ય એકનું એક - હેમનું હેમ જ છે.

ભીમરાવ ભોળાનાથની બે કૃતિઓ "પૃથુરાજ રાસા" :પ્ર.આ.૧૮૯૭: તથા "કુસુમાંજલિ" :પ્ર.આ.૧૯૦૩: મા તેના કર્તાની રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ થયેલી છે. "પૃથુરાજ રાસા"ના પહેલા સર્ગમા સ્વદેશમહિમા જ ગવાયો છે. સુન્દરમે નોંધ્યું છે એમ, "હિંદની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક સમૃધ્ધિના અનન્ય સ્તોત્ર જેવું ભારતદેશના મહિમાનું એ વર્ણન છે:

"દેવાંગના સરખી જ્યાં હતી અંગનાઓ,
શૈલપ્રવાહપુર ભારતવર્ષ આવો." :૧:
..."ગાજે ત્રણે દિશ સમુદ્ર મરુત્ સુગંધી,
સર્વ પ્રકાર પરિપૂર્ણ વિલોકી સંધી.
... પૃથ્વીતણો સુભગ બાગ જ એમ તોલે." :૬:

પૃથ્વીતણા આ સુભગ બાગ શે માં કુસંપ પેઠો અને દેશમાં કુસંપ પેસે ત્યારે એનું પરિણામ? – "એ નીમ નિત્ય પર તે ઘર આવી બેસે." એ ન્યાયે, પરદેશીઓ ભારતમા ફાવ્યા.

"જ્યાં કોઇ કાળ રમતી સઘળી કળાઓ", "જ્યાં શૌર્યપૂર્ણ ભરી સુન્દરીઓ અનેકે, જન્માવીને વળી વિદક્ષિણ વીર છેકે", એવા વિવિધ ઉલ્લેખો કરીને ભારતના યોગીઓ, દ્યુતિમાન સમ્રાટો, કવિઓ, વીરો-વીરાંગનાઓને કવિ પ્રૌઢિયુકત ભાષામાં સ્મરે છે. શ્રી.રમણભાઇ નીલકંઠે "પૃથુ-રાજ રાસો" નું વિવેચન કરતી વેળાએ યથાર્થ જ કહ્યું છે: "હિંદુસ્તાનની ભૂમિ, હિંદુસ્તાનની કુદરતી રચના, હિંદુસ્તાનનું સાહિત્ય, હિંદુસ્તાનનો પુરાણ કથાસમૂહ, હિંદુસ્તાનનો ઇતિહાસ: એ સર્વનું જે વાગ્વિભવથી વ્યાખ્યાન કર્યું છે તે પૂર્વે કદી જોવામાં આવ્યું નથી." [૧૧] ભારતના યશોજ્જ્વલ પ્રાચીનકાળનું સ્મરણ મુખ્યત્વે સાંસ્કૃતિક ગૌરવરૂપે પ્રગટ થયું છે, તે ભીમરાવે કરેલા ભારતવર્ણનની એક વિશેષતા ગણાવી શકાય. પાછળના સમયમાં ન્હાનાલાલમાં આ વલણ જોવા મળે છે. ભીમરાવની ભારતપ્રીતિ સાત્વિક કોટિની જણાય છે. એમાં સંકુચિત દેશાભિમાન દેખાતું નથી.

ભીમરાવના બીજા કાવ્યસંગ્રહ "કુસુમાંજલિ"ના "લાવણ્યમયી" કાવ્યમાં "ગુજરાતની પ્રજાકીય અસ્મિતાનું, રાષ્ટ્રીય નવજાગૃતિનું પ્રથમ મંગળાચરણ

થયેલ છે." [12] એ સંગ્રહનાં બે કાવ્યો, ઉપર કથિત "લાવણ્યમયી" :પ્રથમ પ્રકાશિત ૧૮૮૦, મે, "બુધ્ધિપ્રકાશ": તથા રાણી વિકટોરિયા વિશે લખાયેલ "જ્યુબિલી" :૧૮૮૭: માં અનુક્રમે સ્વદેશપ્રીતિ તથા રાજ્યભક્તિ રેલાઇ રહી છે, એ બન્ને પ્રવાહો એકમેકમાં ભળી ગયા છે, "કારણ કે એ બે પ્રવાહ એકબીજાથી જુદા રહી સકતા જ નથી." [13] દેશભક્તિમાં રાજ્યભક્તિ અને રાજ્યભક્તિમાં દેશભક્તિ સમાઇ જતી હતી, એ બન્ને પરસ્પરવિરૂધ્ધ સંજ્ઞાઓ નહોતી, એ વિશે અત્યારસુધીની ચર્ચામાં સ્પષ્ટતા થઇ ચૂકી જ છે.

"જુબિલી"માં વિકટોરિયાને કવિએ "શારદાપ્રતિસ્વરૂપિણી" તરીકે જોઇ છે:

> "સામ્રાજ્ય આર્યસુતનું કરી એવી પ્રાપ્તિ,
> સંવત્સરાર્ધશતની થઇ આ સમાપ્તિ,
> ...અજ્ઞાનના તિમિરમાં બહુ ધૈર્ય ધારી,
> વિદ્યાતણો વિમળ જ્યોતિ દીધો વધારી.
> હે શારદાપ્રતિસ્વરૂપિણી." :પૃ. ૪૫:

હિન્દભૂમિને એની પૂર્વસ્થિતિએ "ઉન્નત દશાએ પ્હોંચવાને ઉત્સાહન" ભીમરાવ કરે છે, ભૂતકાળની વિલુપ્ત થઇ ગયેલી રિધ્ધિસિધ્ધિનું ચિત્ર આપીને:

> "ગઇ તે ગુલાબી રંગની, ગઇ કાન્તિ તે પણ સંગની,
> હસતી છબી જ ઉમંગની ગઇ તે સલૂણી ક્યાં ગઇ?" :પૃ. ૨૭:

"લાવણ્યમયી"ની નીચેની પંક્તિઓ એના કાવ્યગુણને કારણે તથા એમાં પ્રગટતા આશાના મધુર સ્વરને કારણે સ્મરણીય બની છે:

> "અરૂણ તરુણ આ ઉદય થયો સહુ જાગો સૂતા લોક,
> આળસ તજી શુભ સુવ્રતવસ્ત્ર સજી હરખે મૂકવો શોક,
> સૂર્ય ઉદય આ ભાસે.
> ...આ અવસર આકાશ સ્વચ્છ સંપૂર્ણ સ્વભાવે શાન્ત,
> મધુર વાયુ નદિયો નિર્મલ વન મોહન કામ વસંત,
> નિરાશા નિંદ્ય નકામી." :પૃ. ૧-૨:

દેશની કાળરાત્રિ પૂરી થઇ છે, દેશમાં પુનર્જાગૃતિનો યુગ બેસી ચૂક્યો છે, એ વિશેના આનંદના સાહજિક ઉદ્ગારો ભીમરાવે કાઢેલા છે. દેશપ્રેમની કવિતામાં રસતત્ત્વની ઉપાસના પંડિતયુગથી શરુ થઇ ચૂકી હતી એનો અનુભવ ભીમરાવની કવિતા કરાવે છે.

દોલતરામ કૃપારામ પંડયા ની રાષ્ટ્રીય જાગૃતિ દર્શાવતી કવિતામાં એમના માનસનું દલપતસ્કૂલ સાથેનું અનુસંધાન સ્પષ્ટરીતે જણાઇ આવે છે.

૧૯મી સદીનો ભાગ્યે જ એવો કવિ હશે જેણે વિકટોરિયા રાણી વિશે કવિતા ન રચી હોય. ગાંધીયુગમાં ગાંધીજી વિશે કાવ્ય ન લખનાર ભાગ્યે જ કોઇ કવિ મળી આવે એવી આ ઘટના લાગે છે. અહીં એ બે ઘટનાઓ વચ્ચેના સ્થૂળ સામ્યને દર્શાવવાનો હેતુ છે, વિકટોરિયા તથા ગાંધીજીની પ્રતિભા વચ્ચે કોઇ સામ્ય છે એવું સૂચવવાનો અહીં મુદ્દલે ઇરાદો નથી. "સુમનગુચ્છ" :૧૮૯૯: માં દોલતરામે મહારાણીજી વિકટોરિયાને સાવિત્રીના તથા સીતાજીના અવતાર તરીકે ઓળખાવેલ છે. વળી એ રાણી "સરસ્વતીની મોટી બેન" પણ એમને ભાસી છે. વિકટોરિયાને દોલતરામે રામ કૃષ્ણ ક્રાઇસ્ટ મહમદ બુધ્ધ જેવી વિરલ કોટિની વ્યક્તિઓ સાથે સરખાવેલ છે. યુધિષ્ઠિરના ધર્મરાજ્ય પછી વિકટોરિયાના રાજ્યઅમલમાં કવિને ધર્મરાજ્યનું ફરીથી પ્રસ્થાપન થતું દેખાયેલું છે. રામરાજ્યમાં તો મિથ્યા અપવાદથી કેર વરત્યો હતો. માટે, જગતને "ઉત્તમ નીતિપ્રતાપ" શિખવનાર વિકટોરિયાનું રાજ્ય તો રામરાજ્યથીયે ચડિયાતું કવિને લાગ્યું છે. ૧૯મી સદીમાં કાયદો અને વ્યવસ્થાનું રાજ્ય સ્થાપીને અંગ્રેજોએ ભારતની પ્રજાને જંપીને રોટલો ખાતી કરી હતી, એ એક હકીકત છે. વિકટોરિયા-સ્તવન કરતી વેળાએ દોલતરામની કવિતામાં એ હકીકત ડોકાય છે. કવિતા-માં એ હકીકતનું નિરૂપણ કરતી વખતે દોલતરામનો ગુણઓશિંગણભાવ ઊભરાય છે. પરંતુ ભીમરાવે "જુબિલી"માં કરેલા વિકટોરિયા સ્તવનનો કળાસંયમ દોલતરામના ઉપર્યુક્ત ગુણઓશિંગણભાવમાં દેખાતો નથી.

બ્રિટિશઆગમન પૂર્વેની, વિશેષે મુસ્લીમોના સમયની ભારતની સ્થિતિનું દોલતરામે કરેલું ચિત્રણ સારું થયું છે. પ્રભુને સંબોધતાં દોલતરામ કહે છે:

"અંતરક્લેશ વધ્યે અકૃપા વધતાં તુજ, ભારત-સૂર્ય ગૃહાયો,

ઝંધીસ, નાદિર મમ્મદના બળવત્તર લોભ તળે ચગદાયો." :પૃ. ૧૧૨:

મુસ્લીમ રાજ્યકર્તાઓ ખૂબ લાંબા સમયથી ભારતમાં વસતા હોવા છતાં એમની સાથે અંતરની નિકટતા કેમ નહોતી અનુભવાતી એના કારણરૂપ લાગે એવી પ્રસંગમાળા કવિએ ગૂંથી છે. મુસલમાનોએ પ્રસંગોપાત્ત કરેલા જુલમોનું વર્ણન કવિએ આ રીતે કર્યું છે:

"મંદિર અંદર શત્રુ પ્રવેશ કરી ગ્રહતા ઝટ પૂજ્ય પ્રતિમા,

પાર વિના લૂંટતા ધનધાન્ય પ્રિયા પર જુલમની નહિ સીમા,

અગ્નિ મૂકે પુર સુંદરમાં વણ વાંક કરે ક્ષણમાં ધૂળધાણી,

કાફરજીવ લઇ મલકાય શિશુ જનની-સ્તનથી લઇ તાણી.":પૃ. ૧૧૨

યુધ્ધ, દગાફટકા, વારંવાર થતા હૂમલાઓથી અસ્તવ્યસ્ત થઇ ગયેલા દેશજીવન-નું તથા અંગ્રેજોએ તેમાં આણેલ સ્થિરતા સલામતીનું શબ્દચમત્કૃતિયુકત વર્ણન કવિએ કર્યું છે:

"યુધ્ધ પ્રપંચ દગાફટકા ઝટકાઝટકી પટકી પટ ભાગે,

તુરક આરબ કે અફઘાન અને રૂશનો ભયલેશ ન લાગે." :પૃ. ૧૧૨:

દેશમાં ઘોર રાત્રિનો અંધકાર એક કાળે વ્યાપેલો હતો. લૂંટફાટનો સતત ડર હતો. જ્યારે અંગ્રેજોના રાજમાં તો હાથમાં સુવર્ણ ઉછાળતાં ઉછાળતાં માણસ વિચરે તો પણ એને ભીતિ નથી, એવું કવિચાતુરીભર્યું વર્ણન દોલતરામે કરેલું છે:

"ઘોર વિરાન વિશે પણ સાંય ભયાનક જ્યાં ઘુમતી નિશ કાળી,

વીતક ભીતિ વિના વિચરે કરના તલ મધ્ય સુવર્ણ ઉછાળી."

:પૃ. ૧૧૨:

આ બધાંનું શ્રેય કોને જાય? .."કૈસરે હિંદ તણા મનમાં પ્રભુ વાસ કરી દુ:ખ દૂર કરાવ્યાં." "એક હવાડે વાઘ અને બકરી"ને જળ પીતાં કરી મૂકયાં, "ધારાસર ધારા બાંધ્યા," અનુભવી અમલદારો મોકલ્યા, "જ્ઞાનદીપથી તિમિર-અવિદ્યા"ને ભગાડી મૂકયાં, પિંઢારાઓની લૂંટ તથા ઠગોની ઠગબાજી-નો ત્રાસ દૂર કર્યો, રાજાપ્રજાતણો હવે તો અવિશ્વાસ ગયો, ઇ. ઇ. અંગ્રેજ સલ્તનત વિશેનાં કેટલાંક સત્ય તો કેટલાક અર્ધસત્ય સૂત્રોચ્ચારણો[14] ~~સંસાર~~-

સંસારસુધારાકાળની કવિતામાં એટલી બધી વાર થયાં છે કે પંડિતયુગમાં અને એમાં ય ૧૯મી સદીના છેલ્લા દસકામાં થયેલાં એના પુનરુચ્ચારણો જો કાવ્યગુણ સાથે સંલગ્ન થયેલાં ન હોય તો ફિક્કા અને ચમત્કારહીન લાગે છે.

"સ્નેહમુદ્રા" :પ્ર.આ.૧૮૮૯:માં ગોવર્ધનરામની રાષ્ટ્રીય અસ્મિતા સમાજસુધારાના અભિનિવેશરૂપે પ્રગટવા મથતી દેખાય છે. રાજકીય જાગૃતિરૂપે, આર્થિક સ્વાવલંબનની આકાંક્ષારૂપે તથા સામાજિક સુધારણા કરવાના આગ્રહરૂપે - એમ વિવિધ રૂપે આપણી રાષ્ટ્રીય જાગૃતિનું બ્રિટિશ-રાજ્યઅમલ દરમિયાન આવિષ્કરણ થતું જણાયું છે. "સ્નેહમુદ્રા"માં ગોવર્ધન-રામે સ્ત્રીઉન્નતિના સામાજિક પ્રશ્ન પર લક્ષ કેન્દ્રિત કર્યું છે. હિંદુસમાજની સુધારણા વ્દારા દેશકલ્યાણ કરવું એમ ગોવર્ધનરામને અભિપ્રેત જણાય છે.

" He for God alone and she for God in him" , -- --
પુરુષના અભિમાનની આવી પરાકાષ્ઠાએ સ્ત્રી માટે સર્જેલી અન્યાયકારી અવસ્થા ગોવર્ધનરામને ખૂંચતી હતી. સ્ત્રીની ઉન્નતિમાં એમને દેશોન્નતિ દેખાયેલી છે. સ્ત્રીની અધોગતિમાં ભારતની અધોગતિનું એક મહત્વનું કારણ એમને જણાયું છે.

"..આપણા વિદ્દાનો આપણા દેશની સંભાળ લેતાં શીખશે ત્યારે સર્વનું કલ્યાણ થશે", એવી સરસ્વતીચંદ્રની શ્રધ્ધા વાસ્તવમાં ગોવર્ધનરામની પણ હતી. વિદ્દાનોની "દેશોન્નતિની વાસનાઓને વીર્યવતી અને ફલવતી" બનાવવા માટે "તેમનાં ગૃહરાજ્યમાં ગુણસુંદરીઓ, કુમુદસુંદરીઓ, સૌભાગ્ય-દેવીઓ, ને ચંદ્રાવલીઓ ફરતી જોવા" લેખક ઇચ્છે છે.[૧૫] ગોવર્ધનરામ માને છે કે "અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરે અનુગુણ દંપતી." પ્રજાના સામાજિક જીવનને સ્વસ્થ અને સમૃધ્ધ બનાવવા માટે લેખક આવાં અનુગુણ દમ્પતીઓને ઝંખે છે. પરંતુ આ તો લેખકનો એક અભિલાષ થયો કહેવાય. વ્યવહારજીવનમાં હિન્દુ સમાજની, એમાં પણ સ્ત્રીઓની, કેવી દશા હતી?

..."પરદેશી સજ્જન! હિન્દુઓ ગાળે જ જીવન કલેશમાં !
નરજાત સુખી હશે અહીં કદી મ્હાલતી સ્વચ્છંદથી,
પણ નારીને રોયા વિના નહિ કર્મમાં બીજું કંઇ.":"સ્નેહમુદ્રા" ૧૯૫૭, પૃ. ૩૨:

"અસુર દીઠા બહુ જ પણ ન હિન્દુ તુલ્ય કોય", એવી પુણ્યપ્રકોપયુક્ત વાણી કવિએ એક વિદેશી સ્ત્રીને મુખે ઉચ્ચારાવી છે. એક કાળની "પરમ પુણ્ય" ભૂમિની અવનતિ "આર્ય" કહેવડાવતી પ્રજાની અનાર્યતાને કારણે થઇ છે.

"ભૂમિ પરમપુણ્ય તીર્થ એ, ઐતિહાસિક એના
ભવ્ય જોઇ સંસ્કાર કોનું શિર નમે ના?" :પૃ.૨૬:

પરંતુ એક યુગની ભવ્ય સંસ્કારયુક્ત ભૂમિની સુતનુસૃષ્ટિ "ફેર સેક્સ" નો "સૂખભાનુ" અસ્ત થયો. હિન્દુસ્ત્રીની અવદશાને કારણે ભારતભૂમિ ગુલામ બનશે એવો શાપ "સ્નેહમુદ્રા"ની વિદેશી નાયિકા આપે છે. એ શાપ વિશે વિદેશી નાયકે કેટલાક દુ:ખોદગારો કાઢયા છે:

"આર્ય લોકને દીધ ત્હેં શાપ! હો!
...અંતે હિન્દુઓ બનશે દાસ, હો,
પીડા પામશે વિવિધ પ્રકાર, હો! પરદેશી થકી.":પૃ.૧૬

આ પછી લેખકે ભારતમાં વ્યાપનાર "હડહડતા કળિકાળ"નું કેટલુંક રૂઢિગત વર્ણન કર્યું છે: "થશે લોક નિર્વીર્ય,...પૂજાશે પાખંડ, ને પૂજાશે અજ્ઞાન." અબળા ઉપરના જૂલમને કારણે ભારત ઉપર ઉતરેલા શાપના લેખકે કરેલા પ્રસંગનિરૂપણ દ્વારા આપણને સમજાય છે કે હિન્દની રાજકીય પરતંત્રતાનું મૂળ હિંદુસમાજના "અબળાજાત" ઉપરના જુલમમાં એમણે જોયું છે.

હિન્દ ઉપરના શાપનું નિવારણ કઇ રીતે શક્ય બનશે, એનું ચિત્રણ ગોવર્ધનરામે કર્યું છે. પશ્ચિમની વિદ્યા સંસ્કૃતિના સંપર્કને કારણે "પગલે પગલે..જનઉદ્ધાર" થશે. એ સંપર્કને પરિણામે" ખળભળશે જનસંઘ ને ધરશે સર્વે ક્ષોભ." આ ક્ષોભ તથા મંથનને પરિણામે હિન્દુ નારીને સજીવન કરતું અમૃત જન્મશે. "અબળાના સૂખભાનુનો નભમાં થશે પ્રકાશ!" ગોવર્ધનરામ તથા એમના સમકાલીનોની "નારી પ્રતિષ્ઠા"ની આવી ભાવના પશ્ચિમની સંસ્કૃતિના સંપર્કની દેન જણાય છે.

"સ્નેહમુદ્રા"નું વાચન વિષયની દૃષ્ટિએ અનેક મુદ્દાઓને સ્પષ્ટ કરે છે.
૧. રાજકીય જાગૃતિ કરતાં સામાજિક જાગૃતિ આણવા તરફનો ગોવર્ધનરામ

-નો

ઝોક "સ્નેહમુદ્રા"માં વરતાય છે. અલબત્ત એ ઝોક "સ્નેહમુદ્રા"ના સામાજિક કથાવસ્તુને કારણે પણ જન્મ્યો છે. આગળ નોંધ્યું છે એમ, સમાજસુધારણા દ્વારા દેશકલ્યાણ કરવાનું લેખકને અભિમત જણાય છે. ૨. લેખકની નજર સમક્ષ દેશના સુશિક્ષિતોનું સામાજિક જીવન જ રહ્યું છે; એ જીવનની સુધારણા જ એમનું ધ્યાન રોકે છે. ૧૯મી સદીના મોડરેટ માનસનું આ ધ્યાન ખેંચે તેવું [illegible] લક્ષણ છે. એ જમાનાના મોડરેટ મતવાદી રાજકીય આગેવાન ફિરોઝશાહ મહેતા પણ રાજકીય લડતને શિક્ષિતો પૂરતી સીમિત રાખવામાં માનતા હતા. વિશાળ આમસમુદાયને સામાજિક તથા રાજકીય જાગૃતિની પ્રક્રિયામાં શામિલ કરવાની દૃષ્ટિ હવે પછી ખીલવાની હતી.

<u>રમણભાઇ નીલકંઠ</u>: :"કવિતા અને સાહિત્ય", વો.૪, ૧૯૨૯:

ઈ.સ.૧૮૮૬ થી રમણભાઇની કવિતાલેખનની પ્રવૃત્તિ આરંભાઇ હતી. નર્મદ તથા પંડિતયુગની દેશવિષયક કવિતા જે ઉદ્બોધનાત્મક શૈલીમાં લખાતી તે પધ્ધતિએ રમણભાઇના "જાગૃત!" તથા "સુધારકને ઉત્સાહ" એ કાવ્યો રચાયાં છે.'

"જાગો પુત્રો હિંદતણા આળસ છોડી,
...ઊગ્યો છે આ સૂર્ય જુવો! પૂર્વ દિશાએ,
લોકો પોતે મોટી પ્રજા થાય જ જાતે." :પૃ.૧૫૦:

પ્રજાને પરાવલંબી બનાવાને બદલે સ્વપુરુષાર્થનિષ્ઠ થવાની શીખ કવિ આપે છે. કેમ કે, પ્રજાને મોટપ કાંઇ માગી મળતી નથી હોતી.

સંસારસુધારો કરવો એ પણ દેશભક્તિનો એ કાળે એક પ્રકાર હતો. સ્ત્રી-જાતિની અવદશાને પરિહારવાને રમણભાઇ સદા ઉદ્યુકત રહેતા હતા. "સુધારકને ઉત્સાહ" આપતી વેળાએ રમણભાઇ કહે છે:

"કલ્યાણ ભારતતણું તુજ હેતુ માત્ર,
દેશાભિમાની જનનાં મન તારી સાથ." :પૃ.૧૫૧:

૧૯૧૧માં ભારતમાં આવેલ પંચમજ્યોર્જ તથા "ચક્રવર્તિનિ રાજ્ઞિ"ને "આનંદપૂર્ણ આવકાર" આપતી વેળાએ મોડરેટ માનસના આ નેતાએ કહ્યું હતું:

"આધું હજારો કોસ છે ઈંગ્લાંડમાં સિંહાસન,

પણ ઉરો અમારાં- આપનાં વચ્ચે નથી કાંઈ અંતર,

...આ હિંદ કેરી રાજનિષ્ઠા સૌમ્ય દૃઢ ને શાન્ત છે,

...શુભદર્શનેથી હિંદનાં સહુ દુરિત દુ:ખો ટાળજો." :પૃ. ૧૮૧:

કવિની પણ "સૌમ્ય દૃઢ ને શાન્ત" રાજનિષ્ઠા કાવ્યમાં પ્રગટ થયેલી છે. છેલ્લી પંક્તિમાં મૉડરેટના માનસને અનુકૂળ એવી કૃપાયાચના કરવામાં આવી છે. રમણભાઈએ સિધ્ધાંતમાં "લોકો પોતે મોટી પ્રજા થાય જ જાતે", લોકો જ પોતાનાં દુરિતો પોતાની તાકાત વિકસાવીને દૂર કરી શકે, એમ ઉચ્ચાર્યું છે, પણ વ્યવહારમાં એમનું પરાવલંબી માનસ"હિંદના સહુ દુરિત દુ:ખો ટાળજો" એવું સમ્રાટને વિનવવામા પ્રગટ થયા વિના રહેતું નથી.

મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ દેશપ્રેમની કવિતા નથી રચી. પરંતુ પંડિતયુગના ઘણા સાક્ષરોની જેમ એમણે એમના ટૂંકા આયુષ્યકાળ દરમિયાન કોંગ્રેસની પ્રવૃત્તિમાં :ખેડા જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે: રસ લીધો હતો. મણિલાલે વિદેશી શાસન વિશે લખ્યું છે; "બ્રિટિશ-સિંહે દેશમાં શાંતિ સ્થાપી છે ને તેના કડપથી દેશી રાજ્યો પણ જુલમ કરતાં અટકે છે", એમ કહેવાની સાથે જ એમણે ફરિયાદ કરી છે: "તેની કરભારરૂપે બહુ મોટી કિંમત ભરવી પડે છે અને નિ:શસ્ત્રીકરણના કાયદાથી પ્રજામાં નિસ્તેજતા આવી એ બહુ મોટી હાનિ થઈ છે." ૧૬

કલાપીએ "ગ્રામ્યમાતા"માં રાજા-પ્રજાના સંબંધ વિશે વિચાર કર્યો છે. નૃપ દયાહીન થાય તો ધરા રસહીન બને એવો ભાવ કલાપીએ રજૂ કર્યો છે. "હમીરજી ગોહિલ"માં મુસ્લીમોના આક્રમણ સામે સોમનાથની સખાતે જનાર નરવીરની ગાથા વીરરસભરવાણીમાં પ્રણયકોમળતાના કવિએ ગાઈ છે. પરંતુ આ બન્ને ઉદાહરણોને કલાપીની રાષ્ટ્રીય અસ્મિતાનાં આવિષ્કરણોરૂપે જોઈ શકાય એમ નથી. કલાપીની કવિતામાં દેશપ્રીતિનો ઉદ્ગાર જોવા મળતો નથી. કલાપીનું મન "લાઠીશુભેચ્છક" મટીને "દેશ-શુભેચ્છક" થવા માટે એમને પ્રેરતું હતું.[૧૭] કલાપીમાં દેશભક્તિની લાગણી હતી. કલાપીના "કાશ્મીરનો પ્રવાસ"માં એ દેખાય છે. પરંતુ કલાપીએ

જ નિખાલસતાપૂર્વક કબૂલ્યું છે: "દેશ માટે મને બહુ લાગણી છે, પણ તે ગાઇ શકાય તેવા બલવાણી નથી.[૧૮] કલાપીએ દેશભક્તિની કવિતા નથી રચી માટે એટલી એમની કવિતામાં ઊણપ આવી કહેવાય, એવું લલિતસાહિત્યને પણ રાષ્ટ્રજીવનની કસોટીથી મૂલવવાનું વલણ સુભાગ્યે આપણે ત્યાં સ્થિર થયેલું જ નથી. સ્વ. ચન્દ્રશંકર પંડ્યાએ એમના એક પ્રવચનમાં કહેલું: "... સાહિત્યની દરેક પ્રવૃત્તિ રાષ્ટ્રનું ભલું કરવા માટેની જ હોવી જોઇએ... દલપતરામભાઇની કવિતામાં કે ગોવર્ધનભાઇના ગ્રન્થોમાં જો આપણને રાષ્ટ્રભાવનાનું ચેતન જણાય નહિ, તો આપણે હિમ્મતથી કહીશું કે એવા સાહિત્યથી આપણી ભૂખ ભાગવાની નથી..."[૧૯] ચન્દ્રશંકરના આવા મતનો—રાષ્ટ્રીય ભાવના વિનાનું સાહિત્ય કેવળ નકામું છે – આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે સમર્થ રીતે પ્રતિવાદ કરેલો છે. સાહિત્યકારોમાં રાષ્ટ્ર-ભાવના હોવી જોઇએ, સ્વદેશભકિત સાહિત્યના મૂળમાં નવશક્તિ પૂરી શકે એમ છે, એવું કહેવું તે એક વાત છે, પરંતુ સાહિત્યકારનું સર્જન રાષ્ટ્રભાવનાથી રંગાયેલું ન હોય તો એ સાહિત્ય નામને જ પાત્ર નથી, એમ કહેવું તે બીજી જ વાત છે. આચાર્ય શ્રી ધ્રુવે વિચારપ્રેરક ટકોર કરી છે કે એવું બને તો "રાષ્ટ્રજન :સીટીઝન: એ મનુષ્ય :મેન: નો એક પ્રકાર રહેવાને બદલે, વા ઉભય એક જ તત્ત્વના બે પ્રકાર ઠરવાને બદલે, મનુષ્ય એ રાષ્ટ્રજનનો પ્રકાર ઠરે!" વળી એમણે ઉમેર્યું છે: "સાહિત્યની કિંમત આંકતાં કોઇ પણ કાળ એવો જાણ્યામાં છે ખરો કે જ્યારે કાન્તના "વસંતવિજય" જેવા કાવ્યને—રાષ્ટ્રભાવનાને અભાવે – શૂન્ય આંક આપવામાં આવેલો હોય?"[૨૦]

<u>નરસિંહરાવે</u> દેશભક્તિના વિષયને કવિતા માટે સંકુચિત ગણ્યો છે. દેશાભિ-માનવિષયક કવિતા એમને સર્વકાલીન થવાને પાત્ર નથી જણાઇ: "... દેશાભિ-માન વગેરે સંકુચિત ભાવોનાં ગાનો લોકોનાં અન્તઃકરણને, ખુશામદની મારફત આકર્ષણ કરતાં થયાં છે. દેશાભિમાનનો વિષય કવિત્વના વ્યાપારમાં પ્રવિષ્ટ ના થાય એમ કહેવાનો હેતુ નથી, પરંતુ પરમ પિતાની વિસ્તીર્ણ માનવપ્રજાનાં જીવન તત્વોની આગળ એ વિષય નિર્વિવાદ રીતે સંકુચિત જ

ગણાશે, તેમ કવિતા એ વિષયને સમર્થ રીતે છેડી સકે તે પ્રસંગો અને પ્રકારો વિરલ જ છે." [21] આ મતપ્રદર્શનમાં એક સરકારી અમલદારનું અંગ્રેજપરસ્ત ભીરૂ માનસ પ્રગટ થાય છે એમ કહેવાની અનુદારતા આપણે નહિ દાખવીએ. નરસિંહરાવની હ્રદયની પ્રામાણિક માન્યતા ઉપરના વિધાનમાં પ્રગટ થઇ છે, એમ સ્વીકારીને આપણે આગળ ચાલી શકીએ. નરસિંહરાવે એમના કથન_ માં જો સંકુચિત દેશાભિમાનની મર્યાદા દર્શાવી હોય તો એ સાચી છે. દેશ પ્રત્યેની નીતરી નિષ્ઠાને બદલે લોકોના અંત:કરણની, લોકપ્રિયતા પ્રાપ્ત કરવા અર્થે, ખુશામદ કરવાની વૃત્તિમાંથી દેશાભિમાનની કવિતા જન્મી હોય, વળી એ કવિતામાં દેશ માટેના સાત્ત્વિક અભિમાનને બદલે દેશ વિશેનું સંકુચિત અભિમાન જણાતું હોય તો નરસિંહરાવે આવી કવિતાની ઉપર કથેલી મર્યાદા સાચી જણાય છે. પરંતુ કહેવું જોઇએ કે નરસિંહરાવે ૧૯૧૨માં ઉપર્યુકત કથન કર્યું ત્યારે દેશાભિમાનવિષયક ગુજરાતી કવિતાની સ્થિતિ એમણે વર્ણવી છે તેવી નહોતી. પંડિતયુગના એકપણ નોંધપાત્ર કવિએ "દેશા- ભિમાન વગેરે સંકુચિત ભાવોનાં ગાનો" ગાઇને તથા પ્રજાહ્રદયની "ખુશામદ" કરીને એનુ આકર્ષણ કરવાનો પ્રયાસ કર્યો હોય એવું જણાતું નથી. ઉલટાનું, વક્રોક્તિ કરીને કહેવું હોય તો એમ કહી શકાય કે પંડિતયુગની કવિતામાં ખુશામદ જનતાની નહિ પણ બ્રિટિશ સલ્તનતની થયેલી જણાય છે.

નરસિંહરાવે "મનોમુકુર-૨"માં પણ આ વિષયને છેડયો છે. ત્યાં ~~આાાા~~ એમણે કહ્યું છે: "સામાન્યરીતે માન્યતા હેવી ચાલી છે કે કોઇ પ્રજાનો કવિ કે અગ્રલેખક પ્રજાનાં જીવન, ઉત્સાહ, ઉલ્લાસ, મનોરથ ઇ.ને મૂર્તરૂપ આપનારો હોવો જોઇએ, તેમ ના હોય તો હેની કૃતિ એકલવાઇ પડી જવાની, પ્રજાજીવનનથી વિચ્છિન્ન રહેવાની અને આ બનાવ તે કવિ અથવા લેખકને અમુક અંશે હીનપદ આપનારો મનાય છે., જોકે વસ્તુત: હેની કૃતિયોમાં તાત્ત્વિક ગુણ હોય, નેતા બનાવનારી દીપ્તિ હોય તો જનસંપનાથી આગળ વધવામાં દૂષણ શું તે હું સમજતો નથી."[22] સમયને આટલે ગાળે નરસિંહરાવ- ના આ કથન વિશે જ્યારે વિચારીએ છીએ ત્યારે એમાં તથ્ય રહેલું લાગે છે. કવિતામાં જ જો તાત્ત્વિક ગુણ હોય, પ્રજાની "સ્પીચ" અને "સેન્સીબીલીટી" ને જો એ સ્પર્શતી હોય તો કવિતાસર્જન માટે એટલુ પર્યાપ્ત ગણાવું જોઇએ.

કવિ પોતાના કાવ્યસર્જનને ઉત્તમતાની કક્ષાએ પહોંચાડવાની મથામણ કરતો રહે, સાહિત્યતત્ત્વની આરાધનામાં એ મશગૂલ બની રહે, એનેજ રાષ્ટ્ર પ્રત્યેની મોટી સેવા ગણવી જોઇએ. કાવ્યત્વની ઉપાસના એ જ કવિનો કવિ-ધર્મ, એમ આપણે સ્વીકારીએ - એમાં રાષ્ટ્રભક્તિ આનુષંગિક મુદ્દારૂપે સમાઇ જતી હોય તો ભલે સમાઇ જતી - તો પછી, ક્રાંન્તિનાં ગીતો કવિએ ગાયાં છે કે નથી ગાયાં, એ ગૌણ મુદ્દો બની રહે છે.

આઝાદીની લડત ચાલતી હતી ત્યારે, ગાંધીયુગમાં દેશાભિમાનને કવિતા માટે સંકુચિત વિષય ગણનાર નરસિંહરાવને એક પ્રજાવિમુખ કવિ ગણીને એમની સામે સામાન્યરીતે ટીકાત્મક વલણ અખત્યાર કરવામાં આવતું હતું. અનુસ્વાતંત્ર્યકાળમાં, નીતર્યાં નીર થઇ ગયાંની પરિસ્થિતિમાં, નરસિંહરાવના "મનોમુકુર"માં વ્યક્ત થયેલા અભિપ્રાયની પરીક્ષા કરીએ છીએ ત્યારે આગળ નોંધ્યું છે એમ, એ તથ્યયુકત લાગે છે. કવિ સમાજ વચ્ચે જીવે છે. સામાજિક ચૈતન્યની અસર એની કવિતાપરત્વે થાય તે સ્વાભાવિક છે. રાષ્ટ્રમાં બનતી ઘટનાઓ કવિચિત્તને સ્પર્શતી હોય છે. સમૂહભાવથી કેવળ વિચ્છેદ તો કવિને પણ ગ્લાનિનો અનુભવ કરાવે. પરંતુ એ સાથે જ, કવિ કવિતામાં શુધ્ધ સૌંદર્યપરસ્તી મસ્ત દાખવતો હોય અને અંતર્મુખ બનેલા કવિની કવિતામાં સમકાલીન પરિસ્થિતિનું પ્રતિબિંબ વખતે ન પડતું હોય તો એવો કવિ કવિતાનો અથવા પ્રજાનો દ્રોહ કરી રહયો છે, એવો મત બાંધવાની ઉતાવળ ન થવી જોઇએ. "બારી બહાર"ના સર્જક પ્રહ્લાદ પારેખ અથવા "ધ્વનિ"ના સર્જક રાજેન્દ્ર શાહ જેવા કવિઓએ રાષ્ટ્રવિષયક કવિતા નથી લખી માટે એમની કવિતાને પ્રજાવિમુખ ગણી લઇને એ કંઇક ઊતરતી કોટિની અથવા તો મર્યાદાયુકત કવિતા છે, એવો અભિપ્રાય બાંધવાનુ વલણ આપણે ત્યાં પ્રચલિત નથી થયું, એને આપણી કવિતાવિષયક સ્વસ્થ રૂચિની પરિચાયક ઘટના ગણી શકાય. એવી રૂચિના ઘડતરમાં આચાર્યશ્રી ધ્રુવ જેવા વિવેચકોએ ફાળો આપ્યો છે.

પ્રહ્લાદ-રાજેન્દ્ર જેવા શુધ્ધ કવિતાસૌંદર્યની ઉપાસના કરનારા કવિઓની કવિતા પણ રાષ્ટ્રચેતનાને વિશિષ્ટ રીતે અસર કરતી હોય છે.

ટી. એસ. એલિયટના શબ્દોમાં કહીએ તો: "And this is what I mean by the social function of poetry in its largest sense; that it does, in proportion to its excellence and vigour, affect the speech and the sensibility of the whole nation." 23

નરસિંહરાવે બીજું વિધાન એ કર્યું છે કે દેશાભિમાનના "વિષયને સમર્થ રીતે છેડી સકે તે પ્રસંગો અને પ્રકારો વિરલ જ છે." આ કથન પણ સ્વીકાર્ય બને એવું છે. દેશ પ્રત્યે કવિમાં ઉત્કટ લાગણી હોય, દેશ અર્થે બલિદાનો આપવાની તમન્ના હોય તથા હૃદય ઉત્સાહછલકતું હોય, એવી ચિત્તસ્થિતિમાંથી જન્મેલાં કાવ્યો ઉપર કવિત્વશક્તિની મુદ્રા આપોઆપ અંકિત થઇ જવાની, એમ માનવાને કોઇ કારણ નથી. દેશવિષયક ઉત્સાહ વા ઉત્કટપ્રીતિનું નામ કવિતા નહિ. દેશ માટેનો નિષ્ઠાયુક્ત પ્રેમ અને એ પ્રેમની કવિત્વયુક્ત અભિવ્યક્તિ, દેખીતીરીતે જ, બે અલગ વસ્તુઓ છે. રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાને કેવળ પ્રાસંગિકતાના સ્તરથી પર બનાવીને ચિરંતનતાના સ્તર ઉપર મૂકતા તથા એને કાવ્યસૌંદર્ય સાથે સંલગ્ન કરતા કવિઓ કોઇ પણ ભાષામાં વિરલ જ હોવાના.

નરસિંહરાવે દેશાભિમાનની કવિતાને સંકુચિત ગણી છે, પણ પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે એ વિષયને એમની કવિતાએ સ્પર્શ્યો છે. દેશ તથા દેશજનતાથી એ અસ્પૃષ્ટ રહી શકી નથી. પંડિતયુગમાં પણ સંસારસુધારાકાળની માફક વિધવાઓનાં દુ:ખોનો પ્રશ્ન સંસારસુધારકો તથા કવિઓનું ધ્યાન રોકી રહ્યો હતો. નરસિંહરાવે એ કાળના સમૂહભાવ સાથે એકરૂપતા અનુભવીને "વિધવાનો વિલાપ" :"કુસુમમાળા": અને "ફસી પડેલી બાળવિધવા" :"હૃદયવીણા": કાવ્યો લખ્યાં છે. નાની વયે લગ્ન થવાથી ૧૮૬૦માં મૃત્યુ પામેલી ફૂલમણિના મૃત્યુ વિશે લખેલા કાવ્ય "ફૂલમણિ દાસીનો શાપ"માં કવિએ મૃત્યુ પામેલી ફૂલમણિના મુખે શાપની વાણી ઉચ્ચારાવી છે:

"કન્યા અનાથ સુકુમાર અનેક હોમી
જે રાક્ષસીમુખ વિશે જડ આર્યભૂમિ!
તે કન્યકા સહુ શિખા બની એક એક,
થાશે સહસ્ત્રશિખ અગ્નિ પ્રદીપ્ત છેક,

દેશે પ્રજાળી સહુ આર્ય પ્રજાની વાડી,
...ને આ પુરાણ રુડી ભારતભૂમિ અન્તે
થાશે વિલુપ્ત ઇતિહાસ પટેથી સત્યે." :"હૃદયવીણા", ૧૯૩૯, ૧૯:

આ સમયે ફૂલમણિને અપરાધી પુરુષ વિનવે છે:

"ક્ષમા દેવિ! ક્ષમા દેવિ! શાપો દે મુજ મસ્તકે,
આર્યભૂમિ બચાવી દે, પાપી હું, પાપી હું ખરે." :પૃ. ૧૯:

ગોવર્ધનરામની કૃતિ "સ્નેહમુદ્રા"ની શાપની ઘટના સાથે નરસિંહરાવની ઉપર્યુક્ત કૃતિનું ચોખ્ખું સામ્ય દેખાય છે. બન્નેનો ભાવ પણ લગભગ સરખો છે. દેશની અધ:પતિત અવસ્થાના પાયામાં બન્નેએ નારીની કરુણ અવહેલનાને દીઠી છે. કુરૂઢિઓને કારણે નરસિંહરાવને દેશ સડી જતો દેખાયો છે. આર્યભૂમિને એ સડામાંથી બચાવવાની નરસિંહરાવની ચિંતા પાછળ એમની દેશપ્રીતિ કામ કરી રહેલી છે. સમાજસુધારણા માટેની કવિની વૃત્તિ એ પ્રકારાંતરે કવિની રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રગટીકરણ ભાસે છે. નરસિંહરાવે "નૂપુરઝંકાર" :પ્ર.આ. ૧૯૧૪: મા તો એમના કેટલાક સમકાલીનો લખતા હતા એ ઢબની દેશપ્રીતિની કવિતા "ભારતજનની અશ્રુમાળા" તથા "ઉદ્બોધન" ૧-૨" રચેલ છે. એ દર્શાવે છે કે સમકાલીન પ્રવાહોથી કવિ પોતાની જાતને અલિપ્ત રાખી શકયા નહોતા. ઉપરનાં બન્ને કાવ્યોમાં કોઇ રાજકીય વિચારણા નથી, મુખ્યત્વે સામાજિક વિચારણા છે. સંસારસુધારાકાળની કવિતાથી વિષયની દ્રષ્ટિએ એમાં કોઇ નવુ પ્રસ્થાન નથી. "રૂઢિરાક્ષસી"ને કારણે ભારતનું પતન થયું એ દર્શાવીને ભારતજનનીની "દિવ્યમૂર્તિ"ના કંઠે કવિએ આવાં વચનો મૂક્યાં છે.

"વિદ્યા, ધન ને ધર્મ ગુમાવ્યાં, ગુમાવ્યું ગૃહનૂર,
ઇર્ષ્યા, કલહો, કપટો, જામ્યાં, પાપતણું વહ્યું પૂર
બાળ મુજ જાયા તણાયાં! " :"નૂપુરઝંકાર", ૧૯૨૯ પૃ. ૬:

આવા નિરૂપણ પછી કવિએ નિરાશાનો ઉદ્ગાર કાઢયો નથી:"જા બન્ધુમંડળ વિશે બની કર્મવીર". ભીમરાવ તથા રમણભાઇની આ પ્રકારની કવિતાની યાદ આપતું તથા ઉપદેશાત્મક બની જતું ઉદ્બોધન નરસિંહરાવે કરેલું છે:

"જાગો, ભારતસંતાન! બન્ધુ હોમ જાગો હવે તો,

ઊગ્યો વિમળ સત્યભાણ, બન્ધુ હો! જાગો હવે તો." : પૃ. ૭:

ન્હાનાલાલે "ઇન્દુકુમાર-૧: ૧૯૦૯: માં સત્યભક્તિને ભારતની સંસ્કૃતિની એક વિશેષતા તરીકે ગણાવેલ, કવિ તરીકે ગ્રહણશીલ માનસ ધરાવતા નરસિંહરાવે પ્રસ્તુત વિશેષતાને આ રીતે વર્ણવી છે:

"સત્યતણો ધ્વજ, ધારીને કરો જીવનરણમાં પ્રયાણ,

"સત્યમેવ જયતે" ગજવજો,

શૂરાં ભારતસંતાન !" : પૃ. ૮:

૧૯૧૧ની સાલમાં દિલ્હીમાં પંચમજ્યોર્જના રાજ્યારોહણને જાહેર કરવાને દબદબાભર્યો વિધિ થયો હતો. એ પ્રસંગે નરસિંહરાવે લખેલા કાવ્ય "રાજ્યારોહણ"ના આરંભમાં દિલ્હીનો રોમાંચક ઇતિહાસ આપેલો છે: "દૃઢા દિલ્હી! શા શા નૃપ તુજ ઉછંગે રમી શમ્યા!" : "નૂ. ઝ."૭૧: કવિના મતે, રાજ્યારોહણ વખતે થયેલો રંગરાગ વિસરાશે:—

"પરંતુ દીનોનાં હૃદયરુદનોને શમવતી

દયાનીતિ ત્હારી, નૃપવર! અહો શાશ્વત થતી." : પૃ. ૭૪:

સામ્રાજ્યભક્ત કવિએ બ્રિટિશ રાજ્યની નીતિને "સિમ્પથીવાળી" "દયાનીતિ" કહી છે, એ કેટલું યથાર્થ હતું તે જુદો જ પ્રશ્ન છે. બ્રિટિશ સામ્રાજ્યના "પ્રેમવડલા"ની "સદાશીળી છાયા મહિં ભરતભૂમિ સ્થિર વસો!" એવી કવિએ આકાંક્ષા વ્યક્ત કરી છે. ન્હાનાલાલની કવિતામાં રાજકીય વિચારણાની જેવી વિકાસશીલતા દેખાય છે તેવી નરસિંહરાવમાં જણાતી નથી. બ્રિટિશ-રાજ્યભક્તિના જે બિંદુએ એમણે આરંભ કર્યો હતો તે જ બિંદુએ નરસિંહરાવે સમાપ્તિ કરી છે. ૨૪

નરસિંહરાવે "કુસુમમાળા"માં "સહસ્ત્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ" નામક કાવ્યમાં તળાવ તથા નગરના કેટલાક ભગ્નાવશેષો જોઇને જે ખેદ વ્યક્ત કર્યો છે તેમાં કવિની દેશભૂમિપ્રીતિ જોઇ શકાય:

"પાટણપુરી પુરાણ! હાલ તુજ હાલ જ હાવાં

ગુજરાતનો પૂત રહી ઊભો આ સ્થળમાં

કોણ એહવો જેહ — નયન ભીંજ્યા નહિ જળમાં?" : પૃ. ૩:

નરસિંહરાવ વિશેની ઉપરની ચર્ચામાંથી બે મુદ્દાઓ ફલિત થાય છે. ૧. રાષ્ટ્રભાવના એ માનવહૃદયની "સૌથી ઉચ્ચ અને સૌથી પ્રબળ ભાવનાઓ-માંની એક છે."(૨૫) એમ આપણે જરૂર સ્વીકારીએ, પરંતુ એથી, "પરમ પિતાની વિસ્તીર્ણ માનવપ્રજાનાં જીવનતત્ત્વોની આગળ" દેશાભિમાનની એક કાવ્ય વિષય તરીકે અલ્પતા પ્રમાણતા નરસિંહરાવના મતમાં રહેલા તથ્યનો અસ્વીકાર કરવાની આવશ્યકતા ઊભી થતી નથી. ૨. નરસિંહરાવે દેશા-ભિમાનના વિષયને કવિતા માટે ભલે સંકુચિત ગણ્યો – પ્રસ્તુત વિષય કવિતાવ્યાપારમાં પ્રવિષ્ટ ન જ થવો જોઇએ એવું મંતવ્ય તો એમણે ધરાવ્યું નહોતું– આમ છતાં, એ વિષયથી એમની કવિતા સામાન્યરીતે મનાય છે એમ, અસ્પૃષ્ટ નથી રહી.

કવિશ્રી કાન્તે રાજકીય ભાવનાનાં બેત્રણ કાવ્યો લખ્યાં છે. "હિંદ પર આશીર્વાદ" :૧૯૧૨: તથા જીવનનાં અંતિમ વર્ષોમાં લખાયેલ "હિન્દ માતાને સંબોધન" :૧૯૨૨: એ કાન્તનાં દેશભાવનાનાં બે પ્રસિધ્ધ કાવ્યો છે. સુન્દરમે એ બન્ને કાવ્યોને "રાષ્ટ્રીય કાવ્યો" કહ્યાં છે. એમાં ગુજરાત પ્રાંત પૂરતી કે પ્રજાના ચોકકસ જનવિભાગ પૂરતી કવિ કાન્તની દૃષ્ટિ સીમિત નથી બની રહી. રોગી અને નિરોગીના, નિર્ધન અને તવંગરના, જ્ઞાની અને નિરક્ષરના, ધર્મ ઇ.ના ભેદોને અતિક્રમીને કવિએ સમગ્ર દેશજનતાને એક અને અખંડિત સ્વરૂપમાં નિહાળી છે. "દેવભૂમિ" હિંદની કવિએ માતૃસ્વરૂપે વંદના કરી છે:

> "હિંદૂ અને મુસલમિન, વિશ્વાસી, પારસી, જિન,
> દેવી! સમાન રીતે સંતાન સૌ તમારાં !" :"પૂર્વાલાપ", ૧૯૫૯, પૃ. ૧૭૬:

વીસમી સદીની કવિતામાં "હિંદુપણા"ને બદલે પ્રબળ બનતો "હિંદીપણા"નો ભાવ ઉપર્યુકત પંક્તિઓમાં નિહાળી શકાશે. દેશને કવિ કાન્તે એક વિશાળ કુટુંબરૂપે જોયો છે. કુટુંબવાત્સલ્યના એક સુવિકસિત સ્વરૂપ જેવું દેશવાત્સલ્ય "હિંદ માતાને સંબોધન"માં પ્રગટેલું જણાય છે. "દેશાભિમાન"ના ભાવમાં જે એક પ્રકારની સ્થૂળતા દેખાય તે વિશાળ સહાનુભૂતિ પ્રગટ કરતા આ જાતના

દેશવાત્સલ્યમાં ન અનુભવાય તે દેખીતું છે.

પ્રભુના "હિંદ પર આશીર્વાદ" ઊતરો તથા નવયુગનો નવલસાદ એને સાંભળવા મળો એવી પ્રાર્થના કવિએ કરી છે. આવી પ્રાર્થનાઓમાં બે વસ્તુઓ લગભગ ચોકકસરૂપે જોવા મળે છે. ભારતવાસીઓનાં પ્રમાદને કારણે દેશની અવનતિ થયેલી છે એવું બધા કવિઓએ સ્વીકાર્યું છે તથા બીજું, ભારતની અવનતિનો કાળ-નિદ્રાકાળ પૂરો થયો છે, પુનર્જાગૃતિનો નવયુગ બેસી ગયો છે એવી શ્રધ્ધા આપણા કવિએ વ્યકત કરી છે:

"નવલ યુગનો દિસે સૂર્ય આજે ઉદિત,
હિંદ સંતાન ઉલ્લસિત કરતાં:" :પૃ. ૧૭૫:

પંડિતયુગના કેટલાક કવિઓની રાષ્ટ્રીયઅસ્મિતાની કવિતા વિશેની ચર્ચા અહીં પૂરી થાય છે. ગાંધીજીના ભારતના રાજકીય ક્ષેત્રે થયેલા સક્રિય આગમન પૂર્વેના સમયની વીસીમાં રાષ્ટ્રીય અસ્મિતાની કવિતાનું વહેણ મંદ વહેતું દેખાય છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધની તથા ગાંધીયુગની એ પ્રકારની કવિતાના પ્રવાહોને મુકાબલે પ્રસ્તુત વીસીનો પ્રવાહ વેગવંત રીતે વહેતો જણાતો નથી. સંસારસુધારાકાળની કવિતા કરતાં પંડિતયુગની કવિતામાં નિરૂપણની સુઘડતા અને શિષ્ટતા વિશેષ જણાય છે. એ સિવાય, ૧૯મી સદીની પંડિતયુગની કવિતા રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણની દૃષ્ટિએ સંસારસુધારાકાળની કવિતાથી તત્ત્વત: જુદી નથી પડતી.

---

## સંદર્ભ તથા પાદનોંધ


૧. "ગત શતકનું સાહિત્ય" પૃ. ૧

૨. "સોર્સ મટીરીઅલ" વો. ૨, પૃ. ૫૭૫, બ્રિટિશ સરકાર સામે મહારાજા સયાજીરાવના રાજ્યમાં ચાલેલી ઉદ્દામવાદી લડતનો રસિક ઇતિહાસ જાણવા માટે પ્રસ્તુત ગ્રંથનું વડોદરાપ્રકરણ વાંચી જવા જેવું છે. "ઇશ્વરનો ઇન્કાર"ના લેખક તથા વડોદરા રાજ્યના એક સમયના કર્મચારી નરસિંહભાઇ પટેલ ઉપર પણ અંગ્રેજ સરકારની કડક નજર હતી.

૩. "સોર્સ મટીરીઅલ", વો. ૨, પૃ. ૯૨૨ ઉપર અવતરિત,

૪. "નંદશંકર જીવનચિત્ર" પૃ. ૨૫૩

૫. "અર્વાચીન કવિતા", પૃ. ૯૨

૬. "દિગ્દર્શન", પૃ. ૩૫૮

૭. "ક્લાન્ત કવિ" પ્રવેશક, પૃ. ૪૭

૮. "ક્લાન્ત કવિ" કે કલાન્ત કવિ?" – પૃ. ૫૩

૯. " એ જ, પૃ. ૫૪

૧૦. ગોખલેની "સ્પીચીઝ"માં ઉચ્ચરાયેલો આ મત ડો. આર.સી. મજુમદાર ના "ધી ફેઇઝીઝ ઓફ ઇન્ડિયાઝ સ્ટ્રગલ ફોર ફ્રીડમ"માં અવતરિત, પૃ. ૩૩

૧૧. "પૃથુરાજ રાસા", ૧૯૩૨, પૃ. ૩૦

૧૨. "અર્વાચીન કવિતા", પૃ. ૨૦૯

૧૩. ભીમરાવના આ મરણોત્તર પ્રકાશનના પુરોવાચનમાં નોંધાયેલો સત્યેન્દ્ર ભીમરાવનો મત.

૧૪. અર્ધસત્યોનાં ઉદાહરણો: રાજા-પ્રજાનો પરસ્પરનો અવિશ્વાસ ગયો; વાઘ-બકરી એક હવાડે પાણી પીએ છે, પણ નિ:શસ્ત્ર થયેલી પ્રજામાં વાઘ રહ્યા જ કયાં હતા? "અનુભવી અંગ્રેજ અમલદાર"ની વાત પણ વિચારવા જેવી ખરી.

૧૫. આ સર્વ અવતરણો "સરસ્વતીચંદ્ર" ભા. ૪, પૃ. ૬૨૪ :૧૯૫૭: ઉપરનાં છે.

૧૬. "મણિલાલ નભુભાઇ : જીવનરંગ" પૃ. ૫ ઉપર અવતરિત, ડો. ધીરુભાઇ ઠાકર

૧૭. "શ્રી કલાપીની પત્રધારા" પૃ. ૭, કલાપીએ સૌરાષ્ટ્રના બ્રિટિશ પોલિટિકલ એજન્ટની પરવાનગીથી પોતાના કવિમિત્ર હડાળાના દરબાર સ્વ. વાજસૂરવાળા સાથે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની એક બેઠકમાં હાજરી આપી હતી. અહીં એમ નોંધવું જોઇએ કે દેશી રજવાડાંઓ કોંગ્રેસપ્રવૃત્તિ સાથે કોઇપણ રીતે સંકળાયેલાં રહે એ સામે અંગ્રેજ સરકારે કોંગ્રેસની સ્થાપના થયા પછીનાં ચાર જ વર્ષોમાં નાખુશી વ્યકત કરી હતી. દેશનો વિશાળ ભૌગોલિક ભાગ રોકીને પડેલાં દેશી રજવાડાં-ઓની પ્રજામાં કોંગ્રેસના પ્રભાવને કારણે રાજકીય જાગૃતિ આવે તે

અંગ્રેજ સરકારને નાપસંદ હોય એમ લાગે છે.

અહીં કલાપીના યુવાન મિત્ર સરદારસિંહ રાણાનું સ્મરણ થાય છે. પાછળથી એમણે ફ્રાંસમાં રહીને ભારતની આઝાદી માટે ચાલતી ક્રાન્તિકારી પ્રવૃત્તિમાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો.

૧૮. "સાહિત્યવિવેક", પૃ. ૧૪૦ ઉપર અવતરિત, શ્રી. અ. મ. રાવળ

૧૯. "કાવ્યતત્ત્વવિચાર", પૃ. ૭૧ ઉપર અવતરિત, આચાર્યશ્રી ધ્રુવ

૨૦. "કાવ્યતત્ત્વવિચાર", પૃ. ૭૨-૭૩

૨૧. "કુસુમમાળા", ૧૯૧૨ની ૪થી આવૃત્તિની પ્રસ્તાવનામાં આ કથન થયેલું છે.

૨૨. "મનોમુકુર", ગ્રંથ ૨, પૃ. ૧૭૦-૧૭૬

૨૩. "ઓન પોએટ્રી એન્ડ પોએટસ", પૃ. ૨૨

૨૪. નરસિંહરાવે જીવનના ઉત્તરકાળમાં ગાંધીજીની સ્વાતંત્ર્યની લડત પ્રત્યે સહાનુભૂતિ અનુભવી હતી. પરંતુ એમની કવિતામાં એનો પ્રત્યક્ષ પડઘો પડેલો નથી. એમાં એક અપવાદરૂપ ઘટના: ગીતાના છેલ્લા શ્લોકમાં શ્રી કૃષ્ણ અને અર્જુનને સ્થાને ગાંધીજી તથા સરદાર વલ્લભભાઇને મૂકીને એમના પ્રત્યેનો ભક્તિભાવ નરસિંહરાવે પ્રગટ કર્યો હતો:

"યત્ર યોગેશ્વરો ગાંધી વલ્લભો યત્ર ધૂર્ધરઃ,
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ."

૨૫. "જૂઇ અને કેતકી", પૃ. ૧૫-૧૬, વિ. ક. વૈદ્ય.

---